**માનનીય અધ્યક્ષ શ્રી**

ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવ્રતજીએ ગુજરાત વિધાનસભાને સંબોધન કરવા બદલ માનનીય ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલજી આભાર પ્રસ્તાવ લઈને આવ્યા છે અને માનનીય ધારાસભ્ય શ્રી કેશાજી ઠાકોરે પ્રસ્તાવને અનુમોદન આપેલ છે તેને સમર્થન આપવા સાથે મારા વિચારો વ્યક્ત કરવા ઊભું થયું છે

**માન. અધ્યક્ષ શ્રી**

કોઈ પણ રાષ્ટ્ર ને મજબૂત બનાવવા માટે રાષ્ટ્ર ની શિક્ષા પ્રણાલી મજબૂત અને રાષ્ટ્રની આવનારી પેઢી ને દિશા નિર્દેશન કરનાર હોવી જોઈએ અને તેની શરૂઆત રાષ્ટ્રીય શિક્ષા નીતિ 2020 થી શરુ થઇ છે.

**માન. અધ્યક્ષ શ્રી**

**મેકોલોની 1835** ની શિક્ષા પધ્ધતિથી બહાર આઈ ને ભારતીય મૂલ્યો, સંસ્કાર, ગાય, ગંગા, ગાયત્રી અને ગીતા ની શિક્ષા નીતિ ની શરૂવાત કરવા બદલ માનનીય પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી સાહેબ ને અભિનંદન.

**માન. અધ્યક્ષ શ્રી**

શિક્ષણ દ્વારા સમાજ નિર્માણ અને તેના દ્વારા રાષ્ટ્ર નિર્માણ કરવા માટે ગુજરાત ના શિક્ષણ ને નવી દિશા આપવા માટે માનનીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ , નાણા મંત્રી કનુભાઈ દેસાઈ સાહેબ અને માનનીય શિક્ષણ મંત્રી કુબેર ભાઈ ડિંડોર સાહેબ ને અભિનંદન આપુ છુ .

ગુજરાત ના બજેટ માં શિક્ષણ વિભાગ માટે **55,144 કરોડ** ની ફાળવણી કરી જે અભિનંદન ને પાત્ર છે.

**માન. અધ્યક્ષ શ્રી**

નવી શિક્ષણનીતિ ને ધ્યાને લઈ બાલ વાટિકા સારું કરનાર ગુજરાત માત્ર **1 જ રાજ્ય** છે

તેજ રીતે જ્ઞાન સહાયક યોજના દ્વારા શિક્ષણ ની ચિંતા કરવાની હોય

એક સાથે ગુજરાત ની માધ્યમિક  શાળા માં **કેદ્રીયકૃત ભરતી** દ્વારા શિક્ષકોની ભરતી હોય કે આચાર્યની ભરતી હોય પારદર્શકતા એ પર્યાય બની ગયો છે.

**માન. અધ્યક્ષ શ્રી**

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં તમામ બાળકોને તેમની માતા પિતાની વાર્ષિક આવકને ધ્યાને લીધા વગર વિના મૂલ્ય પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે. શિષ્યવૃત્તિની યોજનાઓ , સરસ્વતીસાધના યોજના દ્વારા સાયકલ સહાય,ટ્રાન્સપોર્ટેશનની સુવિધા હોય ગણવેશ ની ચિંતા હોય માધ્યમિક હોય ઉચ્ચતર માધ્યમિક પ્રાથમિક હોય દરેક બાળકની સંવેદનશીલતાથી ચિંતા કરતી સરકાર એટલે ગુજરાત સરકાર અને એનો શિક્ષણ વિભાગ છે.

**માનનીય અધ્યક્ષ શ્રી**

પ્રાથમિક શાળામાં અધ્યતન ઓરડા બનાવવા મિશન સ્કૂલ સરકારી તેમજ અનુનારી શાળામાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના સુરત બનાવવાના હેતુથી ઉચ્ચ કક્ષાની માર્કીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે

**માનની અધ્યક્ષ શ્રી**

તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન અને નરેન્દ્રભાઈ મોદી સાહેબનું સપનું હતું કન્યા કેળવણીના ક્ષેત્રમાં ગુજરાત અવવલ બને અને તેને સાકાર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજના કન્યાઓને ભણાવવા માટે કાર્યગત બનશે.

**માનનીય અધ્યક્ષ શ્રી**

**ભણે** ગુજરાત **રમે** ગુજરાત **જમે** ગુજરાતને આ ઉપદેશને સિધ્ધ કરવા માટે

પી.એમ પોષણ યોજના દ્વારા વિધાર્થીઓને પૂરક પોષણ અને પૌષ્ટિક ભોજન ની વ્યવસ્થા ગુજરાત સરકાર કરી રહી છે એ ધન્યવાદને પાત્ર છે.

**માન્ય અધ્યક્ષ શ્રી**

મુખ્ય અને ટેકનિકલ શિક્ષણમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત હજારો વિધાર્થીઓને સહાય કરવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે

**માનનીય અધ્યક્ષ શ્રી**

આદરણીય પ્રધાનમંત્રી શ્રી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતના દરેક કર્મચારીને **કર્મયોગી** બનાવવા માટે કર્મયોગી તાલીમ જેવી તાલીમોની શરૂઆત કરાવી હતી પરંતુ આજ એમની જ પ્રેરણાથી આદરણીય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબ ના

ની ગુજરાત સરકાર દ્વારા **ધોરણ 9 થી 12 ના અભ્યાસક્રમણ શ્રીમદ ભગવદ્ ગીતાનો** પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં સમાવેશ એ અભિનંદનને પાત્ર છે અને ગીતાના કર્મયોગ દ્વારા જ્ઞાન અને ભક્તિ યોગના માધ્યમથી ભવ્ય અને દિવ્ય ગુજરાતની સાથે ભવ્ય અને દિવ્ય ભારતના નિર્માણમાં આજના શિક્ષણ થકી તૈયાર થયેલા બાળકો સાથે જ કર્મયોગને જાણનારા કર્મયોગી બને તેવો આ પ્રયાસ થયો છે ત્યારે હું સરકારને સરકારના શિક્ષણ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું

**ભારત માતા કી જય**